| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK010027302021 | | દાખલ તારીખ | ૧૪/૦૭/૨૦૨૧ | | |
| | | નોંધ્યા તારીખ | ૧૪/૦૭/૨૦૨૧ | | |
| | | નિર્ણય તારીખ | **૦૪/૦૮/૨૦૨૬** | | |
| | | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૫ | ૦૦ | ૨૧ |

**બનાસકાંઠા જિલાના મહેરબાન ત્રીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુકામ : પાલનપુર**

**ક્રિમિનલ અપીલ નં. ૩૬ /૨૦૨૧**

**આંક :**

| | | |
|---|---|---|
| **એપેલેન્ટ મુળ આરોપીઓ** | ૧. | **પડીયો ઉર્ફે પ્રદીપ મુકેશ ડાહ્યાભાઇ રાવળ**<br>ઉ.વ. ૩૫, ધંધો– ખેતી, |
| | ૨. | **ડાહ્યાભાઇ દલછાભાઇ રાવળ**<br>ઉ.વ. ૬૬, ધંધો – ખેતી, |
| | ૩. | **હસલો ઉર્ફે હસમુખ અશોક ડાહ્યાભાઇ રાવળ**<br>ઉ.વ. ૪૧, ધંધો – વેપાર,<br>તમામ રહે. પીંપળી (ભાગળ),<br>તા. પાલનપુર, જિ. બનાસકાંઠા. |
| | **–: વિ રુ ધ્ધ :–** | |
| **રીસ્પોન્ડન્ટ** | ૧. | **શ્રી સરકાર** |

| | |
|---|---|
| **અરજ :–** | ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૭૪ અન્વયે પાલનપુરના વિ. બીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટના ક્રિમિનલ કેસ નં. ૨૪૪૦/૨૦૧૨ ના કામે તા. ૩૦/૦૬/૨૦૨૧ ના રોજ આરોપીઓને સજા અને દંડના કરેલ હુકમ વિરુધ્ધ અપીલ. |

એપેલેન્ટ તરફે વિ. વકીલ શ્રી એસ.એમ. ચૌધરી
રીસ્પોન્ડન્સ તરફે વિ. એડી.પી.પી. શ્રી જે.એસ. પટેલ

**–: ચૂ કા દો :–**

(૧) હાલની અપીલ એપેલેન્ટ એટલે કે મુળ આરોપી ૧ થી ૩ નાઓ તરફે પાલનપુરના વિ. બીજા એડી. ચીફ જ્યુડી.મેજી. શ્રી નાઓએ

ક્રિમીનલ કેસ નં. ૨૪૪૦/૨૦૧૨ ના કામે તા. ૩૦/૦૬/૨૦૨૧ ના જજમેન્ટથી ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૪૮(૨) અન્વયે આરોપી નં. ૧ અને ૩ ને ઇ.પી.કોડની કલમ– ૩૨૩,૩૨૫ ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી ત્રણ વર્ષની સાદી કેદની સજા તથા રૂા. ૧૦,૦૦૦/– નો દંડ અને જો દંડની રકમ ના ભરે તો વધુ છ માસની સાદી કેદની સજા  તેમજ આરોપી નં. ૨ ને ઇ.પી.કોડની કલમ– ૩૨૩ ના ગુનામાં તકસીરવાન ઠરાવી છ માસની સાદી કેદની સજા તથા રૂા. ૧,૦૦૦/– નો દંડ, અને દંડ ના ભરે તો વધુ એક માસની સાદી કેદની સજાના કરેલ હુકમથી નારાજ થઇને અત્રેની કોર્ટ સમક્ષ કરેલ છે.

(૨) એપેલેન્ટ/મુળ આરોપીઓ તરફે હાલની અપીલ દાખલ કરી રજુઆત કરેલ છે કે, વિ. ટ્રાયલ કોર્ટે રેકર્ડ ઉપરના પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં અને અર્થઘટન કરવામાં ભુલ કરેલ છે.  આરોપીઓ સામેનો કેસ સાબિત કરવામાં પ્રોસીકયુશન નિષ્ફળ ગયેલ હોવા છતાં વિ. ટ્રાયલ કોર્ટે પ્રોસીકયુશન પક્ષના પુરાવાને માનવામાં ભુલ કરેલ છે. કહેવાતો બનાવ તા. ૨૮/૦૧/૨૦૧૨ ના સાંજના પાંચ વાગે બનેલો જેની ફરિયાદ બીજા દિવસે એટલે કે તા. ૨૯/૦૧/૨૦૧૨ ના રોજ બપોરે બે વાગ્યાના અરસામાં આપેલ છે, એટલે કે આશરે ૧૯ કલાક પછી ફરિયાદ આપવામાં આવેલ છે અને ફરિયાદ કરવામાં થયેલ વિલંબ બાબતે કોઇ જ પ્રકારનો ખુલાસો ફરિયાદપક્ષે કરેલ નથી. ફરિયાદપક્ષ ધ્વારા ઉલટ તપાસમાં તેઓની ઘર ઉપર ટોળાએ હુમલો કરી પથ્થર મારો કરેલ અને તે હકીકત તેઓએ કબુલ કરેલ છે અને તે હકીકતને ગુનાવાળી જગ્યાના પંચનામાથી પણ સમર્થન મળે છે, અને તે જોતાં એપેલેન્ટના કહેવા પ્રમાણે પથ્થર મારતાં તેઓને ઇજા થયેલ છે, તે હકીકત રેકર્ડ ઉપરની હકીકતો અને સંજોગો જોતાં નકારી શકાય તેમ નથી. એટલે કેસની હકીકતો જોતાં બે વ્યુ નિકળી આવે છે તેમ છતાં વિ. ટ્રાયલ કોર્ટે તે સિધ્ધાંતને અવગણીને

વાદવાળો હુકમ કરેલ છે. સાહેદોની જુબાની જોતાં કહેવાતો જે બનાવ જે જગ્યાએ બનેલ છે તે જાહેર જગ્યા છે અને અન્ય સ્વતંત્ર વ્યકિતઓની દુકાનો અને ઘરો આવેલ છે તેમ છતાં આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોને તપાસેલ નથી. સાહેદોની જુબાની જોતાં એકબીજાથી વિરોધાભાષી છે. ડોકટર રૂબરુ જે ઈજા પામનારાઓએ હિસ્ટ્રી લખાવેલ છે અને તેઓની ફરિયાદ અને જુબાનીમાં અલગ હકીકત અને હથિયારો જણાવેલ છે. ઈજાપામનાર સાથે અન્ય ઈસમો પણ દવાખાનામાં આવેલ અને પોલીસ સ્ટેશન બાજુમાં હોવા છતાં ફરિયાદ આપેલ નથી. ફરિયાદી તા. ૩૧/૦૧/૨૦૧૨ ના રોજ હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ થયેલ છે અને દવાખાનામાં કોઇ ફરિયાદ લેવામાં આવેલ નથી તો ફરિયાદ આપવા ફરિયાદી કેવી રીતે ગયેલ અને ગુનાવાળી જગ્યા કેવી રીતે બતાવેલ તે બાબતે કોઇ જ પ્રકારનો ખુલાસો ફરિયાદપક્ષે આપેલ નથી. વિ. ટ્રાયલ કોર્ટે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓનું ખોટું અર્થઘટન કરેલ છે. આથી એપેલેન્ટની અપીલ મંજુર કરી વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી એપેલેન્ટ/આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) સદર કામે ફરિયાદ હકીકત મુજબ સાહેદ વિષ્ણુભાઇ છગનભાઇ મોબાઇલથી ગીતો સાંભળતા હોવાથી તેને ગીતો સાંભળતા બંધ કરવા સારૂ આરોપી નં. ૨ નાએ લાકડી સાહેદ વિષ્ણુભાઇ છગનભાઇને માથાના ભાગે મારી તથા આરોપી નં. ૧ નાએ લાકડી ફરિયાદી માણેકબેનના પતિ છગનભાઇને માથાના ભાગે મારી તથા આરોપી નં. ૩ નાએ લાકડી ફરિયાદીબેનના ડાબા હાથ ઉપર મારી ફ્રેકચર કરેલ તથા પાછળથી આવી આરોપી નં. ૪ તથા ૫ નાઓએ ફરિયાદી તથા સાહેદોને ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી એકબીજાને ગુનામાં મદદગારી કરેલ હોવાનો આક્ષેપ છે. જે બાબતની ફરિયાદ આરોપીઓ વિરુધ્ધ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં આપેલી, જે ફરિયાદ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન

ફસ્ટ ગુન્હા રજી. નંબર ૨૯/૨૦૧૨ થી ઇ.પી.કોડ કલમ – ૩૨૪, ૩૨૩,૫૦૪,૧૧૪ મુજબનો ગુન્હો રજીસ્ટર કરી, ત.ક.અમલદારશ્રી એ તપાસના અંતે પાલનપુરના વિ. ચીફ જયુડી. મેજી. શ્રીની કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ કરતાં, જે ક્રિમિનલ કેસ નં. ૨૪૪૦/૨૦૧૨ થી નોંધવામાં આવેલ.

(૪) ત્યારબાદ બીજા એડી. ચીફ જયુડી.મેજી. શ્રી, પાલનપુર નાઓએ આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કોડની કલમ – ૩૨૪,૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨) તથા ૧૧૪ અન્વયે આંક. ૫ થી તહોમતનામું ફરમાવી, આરોપીઓને તહોમતનામું વાંચી સંભળાવી આંક. ૦૬ થી આંક.૧૦ લગત આરોપીઓની પ્લી લેવામાં આવેલ, જેમાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાના આક્ષેપોનો ઇન્કાર કરેલ અને ફોજદારી ઇન્સાફી કાર્યવાહીની માંગણી કરેલી. ત્યાર બાદ વિ. એ.પી.પી. શ્રીએ આંક. ૮૭ થી સી.આર.પી.સી. કલમ–૨૧૬ હેઠળ ચાર્જ અલ્ટર કરવા અરજી આપતાં જે અરજી મંજુર કરી આરોપીઓ સામે ઇ.પી.કોડની કલમ–૩૨૫ મુજબનો ઉમેરો યોગ્ય લાગતા આરોપીઓ સામે આંક. ૧૪૦ થી સુધારેલું તહોમતનામું ઇ.પી.કોડની કલમ–૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૪ તથા ૧૧૪ મુજબ ફરમાવવામાં આવેલું અને આરોપીની પ્લી લેતાં આરોપીઓએ આંક. ૧૦૫ થી ૧૦૯ લગત નિવેદન લેતાં આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઇન્કાર કરેલ તેમજ આરોપી પક્ષે આંક.૧૧૧ થી અગાઉ જે પુરાવો લેવામાં આવેલો તે ફરી લેવા માંગતા નથી તેવુ જાહેર કરતાં કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ. ફરિયાદપક્ષે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરેલ.

**<u>મૌખિક પુરાવો</u> :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૫૬ | ફરિયાદી માણેકબેન છગનભાઇ પટણીની જુબાની |

| | | |
|---|---|---|
| ૨. | ૬૨ | ડોકટર યોગેશકુમાર હેમરાજભાઇ દેસાઇની જુબાની |
| ૩. | ૮૧ | પંચ બીજોલભાઇ ગમાનભાઇ રાવળની જુબાની |
| ૪. | ૮૫ | સાહેદ છગનભાઇ જેસંગભાઇ પટણીની જુબાની |
| ૫. | ૮૬ | પંચ કેશાભાઇ નાથુભાઇ રાવળની જુબાની |
| ૬. | ૧૩૧ | પંચ દેવજીભાઇ બાબુભાઇ પટણીની જુબાની |
| ૭. | ૧૩૩ | પંચ છગનભાઇ પુંજાભાઇ પટણીની જુબાની |
| ૮. | ૧૪૧ | સાહેદ વિષ્ણુભાઇ છગનભાઇ પટણીની જુબાની |
| ૯. | ૧૪૨ | સાહેદ સંજયકુમાર છગનભાઇ પટણીની જુબાની |
| ૧૦. | ૧૫૧ | ત.ક.અધિ. અજીતદાન જગતદાનની જુબાની |

<u>**દસ્તાવેજી પુરાવા**</u> **:–**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| ૧. | ૩૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૨. | ૫૭ | ફરિયાદ |
| ૩. | ૬૩,૬૫, ૬૮ | મેડીકલ સર્ટફીકેટ |
| ૪. | ૬૪,૬૬, ૬૯ | કેસ પેપર્સ |
| ૫. | ૬૭ | એકસ–રે |
| ૬. | ૮૨ | આરોપીઓની શરીરસ્થિતિ તથા હથિયાર રીકવરી પંચનામું |

(૫) ઉપર મુજબ ફરિયાદપક્ષનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરવો રજુ થયા બાદ આરોપીઓનું સી.આર.પી.સી. કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધાવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદપક્ષ તથા આરોપીપક્ષની દલીલો સાંભળીને તા. ૩૦/૦૬/૨૦૨૧ ના રોજ આંક. ૧૭૫ ના હુકમથી વિ. બીજા ચીફ જયુડી.મેજી. શ્રી, પાલનપુર નાઓએ સી.આર.પી.સી. કલમ–૨૪૮(૨) અન્વયે આરોપી નં. ૧ પડીયો ઉર્ફે પ્રદીપ ડાહયાભાઇ રાવળ તથા આરોપી નં. ૩ હસલો ઉર્ફે હસમુખ અશોકભાઇ ડાહયાભાઇ નાઓને ઇ.પી.કોડની કલમ

૩૨૩,૩૨૫ ના ગુનામાં તકસીરવાન ઠરાવી ત્રણ વર્ષની સાદી કેદની સજા તથા રૂા. ૧૦,૦૦૦/– દંડ અને દંડ ના ભરે તો વધુ છ માસની સાદી કેદની સજા તથા આરોપી નં. ૨ ડાહ્યાભાઇ દલછાભાઇ રાવળને ઇ.પી.કોડની કલમ– ૩૨૩ ના ગુનામાં તકસીરવાન ઠરાવી છ માસની સાદી કેદની સજા તથા રૂા. ૧,૦૦૦/– નો દંડ, અને દંડ ના ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા અંગે હુકમ કરેલ, જે હુકમ સામે આરોપી નં. ૧ થી ૩ નાઓ ધ્વારા હાલની આ અપીલ કરવામાં આવેલ છે.

(૬) એપેલેન્ટ/મુળ આરોપીઓ તરફે અપીલ દાખલ થયા બાદ રીસ્પોન્ડન્ટ/શ્રી સરકારને અત્રેની અદાલત સમક્ષ હાજર થવા નોટીસ કાઢવામાં આવતાં, શ્રી સરકાર તરફે વિ. એડી.પી.પી. શ્રી જે.એસ. પટેલ હાજર થયેલ છે.

(૭) વિ. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ અત્રેની અદાલતમાં મંગાવવામાં આવેલ જે વંચાણે લીધું તેમજ ટ્રાયલ કોર્ટનો ઠરાવ, રજુ થયેલ પુરાવો, એપેલેન્ટ/મુળ આરોપીઓ તરફે દાખલ કરેલ અપીલના કારણો તેમજ રીસ્પોન્ડન્ટ/શ્રી સરકારની દલીલો સાંભળી.

(૮) એપેલેન્ટ/મુળ આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી એસ.એમ. ચૌધરીએ આંક. ૬૨ થી લેખિત દલીલો રજુ કરી અપીલ મેમા મુજબની રજુઆત કરેલ છે. તેઓએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, વિ. ટ્રાયલ કોર્ટે પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં અને અર્થઘટન કરવામાં ભુલ કરેલ છે. એપેલેન્ટસ/મુળ આરોપીઓ સામેનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં પ્રોસીકયુશન નિષ્ફળ ગયેલ હોવા છતાં વિ. ટ્રાયલ કોર્ટે પ્રોસીકયુશન પક્ષમાં પુરાવાને માનવામાં ભુલ કરી અન્યાયી હુકમ કરેલ છે. ગુનાવાળી જગ્યાના પંચો તેમજ હથિયાર રીકવરી પંચનામાના પંચો પંચનામાની હકીકતોને સમર્થન

કરતા નથી. ફરિયાદીએ ફરિયાદ તથા પોલીસ રૂબરૂની જુબાની વિરૂધ્ધની હકીકતો જણાવતા હોવા છતાં સદરે હકીકત ન માની ભુલ કરેલ છે. બનાવ સ્થળની આજુબાજુ ઘણા મકાન તથા જાહેર માર્ગ આવેલ છે. બનાવ જાહેર જગ્યાએ બનેલ છે તેમ છતાં આજુબાજુ રહેતા કોઇ તટસ્થ સાહેદોને સાહેદ તરીકે લીધા નથી કે તપાસ્યા નથી. આ સંજોગોમાં આરોપીને બેનીફીટ ઓફ ડાઉટ આપીને છોડી મુકવા જોઇએ. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ડોકટર રૂબરુ જ ઇજાપામનારાઓએ હિસ્ટ્રી લખાવેલ છે અને તેઓની ફરિયાદ અને જુબાનીમાં અલગ હકીકત અને હથિયારો જણાવેલ છે. આમ, જયારે પણ પ્રથમ વખત ફરિયાદપક્ષના સાહેદોને બનાવની તક મળેલી ત્યારે તેઓએ જે હકીકત જણાવેલ છે, તે જોવામાં આવે તો છગનજી જેસંગજીએ ધારીયાથી ઇજા થયેલાનું જણાવે છે, પરંતું ડોકટરી પુરાવાથી સમર્થન મળતું નથી, તેમજ અન્ય સાહેદોના મેડીકલ સર્ટફીકેટ જોવામાં આવે તો, તેઓને થયેલી ઇજા છુટા પથ્થરો કે સખ્ત અને બોથડ પદાર્થથી ટકરાવાથી થઇ શકે તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ હોવા છતાં વિ. ટ્રાયલ કોર્ટે તે ધ્યાને લીધેલ નથી. ત.ક.અધિકારીનો પુરાવો આંક. ૧૫૧ જોતાં આરોપીપક્ષે બચાવ લીધેલ છે તે બચાવને પણ સમર્થન મળી રહેલ છે. ફરિયાદ ડીલે થયેલ છે અને તે અંગે કોઇ વ્યાજબી કારણ ફરિયાદપક્ષે રજુ કરેલ નથી. કેસનું રેકર્ડ જોતાં તા. ૩૧/૦૧/૨૦૧૨ ના રોજ ફરિયાદી હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ થયેલ છે અને દવાખાનામાં કોઇ ફરિયાદ લેવામાં આવેલ નથી તો ફરિયાદ આપવામાં ફરિયાદી કેવી રીતે ગયેલ અને ગુનાવાળી જગ્યા કેવી રીતે બતાવેલ તે બાબતે કોઇ જ પ્રકારનો ખુલાસો ફરિયાદપક્ષે આપેલ નથી. અપીલના કામે પ્રોબેશન મેળવવા માટે પણ અરજી આપેલી છે. જો ના. કોર્ટ એવું માને કે વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ બરાબર છે, તો તેવા સંજોગોમાં અરજદાર ગરીબ ઘરના ઇસમ છે અને કુટુંબ કબીલા વાળા ઇસમ છે અને તેઓના ભરણપોષણની જવાબદારી પણ આરોપીઓના શીરે છે. સદર હુકમ

અગાઉ કે થયા બાદ તેમની સામે કોઇ પ્રકારનો ક્રિમીનલ કેસ નોંધાયેલ નથી. તેઓએ પ્રોબેશનની અરજી આપ્યા બાદ પ્રોબેશનનો રીપોર્ટ પણ ના. કોર્ટ સમક્ષ આવી ગયેલ છે અને તે પ્રોબેશન મેળવવાનો તેમનો ફીટ કેસ છે. જો તેઓએ પ્રોબેશનનો લાભ ન આપવામાં આવે તો તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવે અને તેમના કુટુંબ કબીલો વેરણ છેરણ થઇ જાય અને કેસના સંજોગો જોતાં તેઓને પ્રોબેશનનો લાભ મળી શકે તેમ હોય, અરજદાર/આરોપીઓની અપીલ મંજુર કરી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અથવા પ્રોબેશનનો લાભ આપી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૯) રીસ્પોન્ડન્ટસ/શ્રી સરકાર તરફે વિ. એડી.પી.પી. શ્રી જે.એસ. પટેલ એ રજુઆત કરતાં જણાવેલ છે કે, ફરિયાદીનો દિકરો ઈજા પામનાર વિષ્ણુભાઇ ગામમાં દુધ લઇને આવતો હોઇ તેના હાથમાંના મોબાઇલમાં ગીતો સાંભળતો એસ.ટી. સ્ટેન્ડ પાસે આવેલ ત્યારે ત્યાં બેઠેલા આરોપી પડીયા ડાહ્યાભાઇ, હંસલાએ વિષ્ણુ જોડે બોલાચાલી કરી ઉશ્કેરાઇ જઇ ડાહ્યાભાઇએ તેના હાથમાંની લાકડી વિષ્ણુભાઇના માથામાં મારતાં તેનો હોબાળો સાંભળી ફરિયાદી તથા તેમના પતિ ત્યાં છોડાવવા જતાં આરોપી પ્રદિપે તેના હાથમાંની લાકડી છગનભાઇના માથાના ભાગે તથા આરોપી હંસલાએ તેના હાથમાંની લાકડી ફરિયાદીના ડાબા હાથ ઉપર મારતાં ફ્રેકચર થયેલું. જે હકીકતને ફરિયાદીની આંક. ૫૬ ની તેમજ ઈજા પામનાર સાહેદો છગનભાઈની આંક. ૮૫ ની તથા વિષ્ણુભાઈની આંક. ૧૪૧ ની જુબાનીથી સમર્થન મળે છે. ફરિયાદી તથા સોહદો જે ઈજાઓ જણાવે છે તે ઈજાને આંક. ૬૨ થી તપાસાયેલ ડોકટરની જુબાનીથી સમર્થન મળે છે અને ટ્રાયલ દરમ્યાન આરોપીઓ સામે ઇ.પી.કોડની કલમ–૩૨૫ મુજબનો ગુનો બનતો હોવાનું રેકર્ડ જોતાં જણાઇ આવતાં ચાર્જ અલ્ટરની અરજી આપવામં આવેલી, જે મંજુર

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડીશનલ સેશન્સ જજ, પાલનપુર

કરેલ. ત.ક.અધિકારીની જુબાનીથી પંચનામાની હકીકતોને સમર્થન મળે છે. ત.ક.અધિકારીએ કોઇ ગેરરીતી આચરેલ હોય તેવુ રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી વિ. મેજીસ્ટ્રેટશ્રીએ ફરિયાદપક્ષનો કેસ પુરવાર થયેલો માની આરોપીઓને દોષિત ઠરાવી સજા કરેલ છે તે યોગ્ય, વ્યાજબી અને કાયદાની પ્રક્રિયા અનુસરીને કરેલ હોય, તેમાં હસ્તક્ષેપ કરવા પાત્ર ન હોય, એપેલેન્ટ/મુળ આરોપીઓની અપીલ રદ કરવા રજુઆત કરેલ છે.

(૧૦) આ કામના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## મુ દ્દા

૧. શું એપેલેન્ટ પુરવાર કરે છે કે, પાલનપુરના વિ. બીજા એડી. ચીફ જયુડી.મેજી. શ્રી નાઓએ તા. ૩૦/૦૬/૨૦૨૧ ના રોજ ક્રિમિનલ કેસ નં. ૨૪૪૦ /૨૦૧૨ ના કામે ઈ.પી.કોડની કલમ ૩૨૫,૩૨૩ મુજબના ગુનામાં આરોપીઓને દોષિત ઠરાવી કરેલ સજાનો હુકમ ગેરકાયદેસર, ભુલ ભરેલો અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનો હોય હસ્તક્ષેપ કરવા પાત્ર છે ?

૨. શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

## નિ ર્ણ યો

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

## -:: કા ર ણો ::-

**<u>મુદ્દા નં. ૧</u> :-**

(૧૨) આ કામે એપેલેન્ટ જે મુળ આરોપીઓ હોય તેઓને સરળતા ખાતર આરોપીઓ તરીકે સંબોધવામાં આવેલ છે.

(૧૩) હાલની અપીલ મુળ આરોપીઓ તરફે પાલાનપુરના વિ. બીજા એડી. ચીફ જયુડી. મેજી. શ્રીની કોર્ટના ક્રિમી. કેસ નં. ૨૪૪૦/૨૦૧૨ ના કામે તા. ૩૦/૦૬/૨૦૨૧ ના રોજ ઇ.પી.કોડની કલમ – ૩૨૩, ૩૨૫ મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી સજાનો કરેલ હુકમ વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૭૪(૩) અન્વયે કરવામાં આવેલ છે.

(૧૪) ઉપરોકત બંને પક્ષની રજુઆત તથા વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ પડેલ પુરાવાનું તુલનાત્મક નિરીક્ષણ અને વિશ્લેષણ કરવામાં આવે તો, સમગ્ર રેકર્ડ વંચાણે લેતાં આરોપીઓ સામે ફરિયાદપક્ષ તરફે વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, ફરિયાદી માણેકબેન છગનભાઇ પટણી તેમની આંક. ૫૬ ની જુબાનીમાં જણાવે છે કે, બનાવના દિવસે સાંજના પાંચ વાગે તેમનો દીકરો વિષ્ણુ ગામમાંથી દુધ લઇને આવતો હતો અને તેના હાથમાં મોબાઇલ હતો અને એસ.ટી. સ્ટેન્ડ પાસે પીપળના ઝાડ પાસે આવેલ ત્યારે આરોપીઓએ તેમના દિકાને મોબાઇલમાં ગીતો વગાડવાનું બંધ કરવાનું કહેલું અને ગાળો બોલી તેમના દિકરા વિષ્ણુ ઉપર હુમલો કરેલ અને આરોપી નં. ૨ ના એ તેમના દિકરાને માથામાં લાકડી મારેલી. તેમના દિકરાએ રાડ કરતાં તેઓ દોડીને ત્યાં છોડાવવા આવેલ અને આરોપી નં. ૧ નાએ તેણીના પતિને માથામાં લાકડી મારેલી, આરોપી નં. ૩ નાએ તેણીને લાકડી ડાબા હાથ ઉપર પંજાના ભાગે મારેલી જેથી તેણીને ફ્રેકચર થયેલ. તેણીના પતિ અને દિકરાને વાગેલુ હોઇ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં

સારવાર સારૂ ગયેલા અને બીજા દિવસે આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપેલી. જે ફરિયાદ આંક. ૫૭ થી રજુ થયેલ છે.

તેજ રીતે સાહેદ છગનભાઇ જેસંગભાઇ પટણીએ તેમની આંક. ૮૫ની જુબાનીમાં બનાવના દિવસે સાંજના પાંચ વાગે તેમનો દિકરો વિષ્ણુ ગામમાંથી દુધ લઇને આવતો હતો અને તેના હાથમાં મોબાઇલ હતો અને એસ.ટી. સ્ટેન્ડ પાસે પીપળના ઝાડ પાસે આવેલો ત્યારે અરોપીઓ ત્યાં હતા અને તેઓના દિકરાને મોબાઇલમાં ગીતો વગાડવાનું બંધ કરવાનું કહી ગાળો બોલી ઉશ્કેરાઇ જઇ આરોપી નં. ૨ નાએ તેઓના છોકરાના માથામાં લાકડી મારેલી. તેમના દિકરાએ રાડ કરતાં તેઓ દોડીને ત્યાં છોડાવવા આવેલ અને આરોપી નં. ૧ નાએ તેઓને માથામાં લાકડી મારેલી અને તેઓની પત્ની (ફરિયાદી) ને ડાબા હાથે આરોપી નં. ૩ નાએ લાકડી મારી ફ્રેકચર કરેલુ. ત્યારબાદ ૧૦૮ બોલાવી સિવિલ હોસ્પિટલ પાલનપુર ગયેલા અને ત્યાં સારવાર કરાવેલી. વધુમાં તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, પ્રાઇવેટ ડોકટરે કહેલ કે તમારા મગજમાં ફ્રેકચર છે ફોટા પડાવી લાવવાનું કહી સિવિલના ડોકટરે પ્રાઇવેટમાં ફોટા પડાવવા મોકલેલા. તે દિવસે અંધારૂ થઇ ગયેલ હોઇ બીજા દિવસે તેઓના પત્નીને લઇ જઇ ફરિયાદ લીધેલી અને આ બાબતે પોલીસે પુછપરછ કરતાં તેઓને બનાવ વખતે મારવામાં આવેલ લાકડીઓને ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ ઈજાપામનાર સાહેદ વિષ્ણુભાઇ છગનભાઇ પટણી એ તેમની આંક-૧૪૧ ની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૨૮/૦૧/૨૦૧૨ ના રોજ સાંજના પાંચ વાગ્યાના સુમારે તેઓ ગામમાંથી દુધ લઇને આવતા હતા તે વખતે તેઓ તેમના મોબાઇલ ફોનમાં ગીતો વગાડી સાંભળતા હતા, તે વખતે એસ.ટી. પીકઅપ સ્ટેન્ડની બાજુમાં પીપળના ઝાડ પાસે આવતાં તેમના ગામના

પ્રદિપભાઇ ડાહ્યાભાઇ તથા અશોકભાઇ તથા ડાહ્યાભાઇ ત્યાં બેઠેલા હતા અને તેઓએ ગીતો કેમ વગાડે છે તેમ કહી બોલવા લાગેલા, જેથી આ લોકો ઉશ્કેરાઇ જઇ એકદમ હુમલો કરેલો અને તેઓને માથામાં લાકડી મારેલી, તેઓએ કુકવા કરતાં તેઓના પિતાજી બચાવવા આવી જતાં આરોપી નં. ૧ નાએ તેઓના પિતાને માથામાં લાકડી મારેલી અને તેઓ પડી ગયેલા, તે વખતે આરોપી નં. ૩ નાએ તેઓની માતાને ડાબા હાથ ઉપર લાકડી મારતાં ફ્રેકચર થયેલું. તે વખતે તેઓના ભાઇ સંજયભાઇ આવીને ૧૦૮ બોલાવેલી અને તેઓને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાવેલી.

ત્યારબાદ સાહેદ સંજયકુમાર છગનભાઇ પટણી તેમના આંક. ૧૪૨ ના પુરાવામાં જણાવે છે કે, તા. ૨૮/૧/૧૨ ના રોજ સાંજના પાંચ વાગ્યે તેઓના ભાઇ વિષ્ણુ ગામમાંથી દુધ લઇને આવતા હતા તે વખતે તેઓ તેમના મોબાઇલ ફોનમાં ગીતો વગાડી સાંભળતા હતા, તે વખતે એસ.ટી. પીકઅપ સ્ટેન્ડની બાજુમાં આવેલ પીપળના ઝાડ પાસે આવતાં તેમના ગામના પ્રદીપભાઇ ડાહ્યાભાઇ તથા અશોકભાઇ તથા ડાહ્યાભાઇ ત્યાં બેઠેલા હતા અને તેઓએ ગીતો કેમ વગાડે છે તેમ કહી બોલવા લાગેલા, જેથી તેઓના ભાઇએ કહેલ કે મારો મોબાઇલ છે ગીતો સાંભળું છું તમને શું તકલીફ છે. જેથી આ લોકો ઉશ્કેરાઇ જઇ એકદમ હુમલો કરેલો અને ડાહ્યાભાઇએ તેઓના ભાઇને માથામાં લાકડી મારેલી, જેથી તેઓએ કુકવા કરતાં તેઓના પિતાશ્રી બચાવવા આવી જતાં આરોપી નં. ૧ નાએ તેઓના પિતાને માથામાં લાકડી મારેલી અને તેઓ પડી ગયેલા, તે વખતે આરોપી નં. ૩ નાએ તેઓની માતાને ડાબા હાથ પર લાકડી મારતાં ફ્રેકચર થયેલું. તે વખતે તેઓએ આવીને ૧૦૮ બોલાવેલી અને તેઓની પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાવેલી.

(૧૫) આમ, આ ચારેય સાહેદોનો પુરાવો જોતાં તેઓ બનાવ સ્થળ, બનાવ સમય અને બનાવમાં કયા આરોપીએ કયા હથિયાર વડે કોને ઈજા કરેલ તે તમામ હકીકત જણાવે છે અને તેમાં કયાંય પણ વિરોધાભાષ કે વિસંગતતા જણાય આવતી નથી. આ સંબંધે ડોકટર યોગેશકુમાર હેમરાજભાઇ દેસાઇનો આંક. ૬૨ નો પુરાવો જોવામાં આવે તો, તા. ૨૮/૧/૧૨ ના રોજ તેઓ પોતાની ફરજ પર હતા ત્યારે સાંજના કલાક ૫–૫૦ વાગ્યે છગનભાઈ જેસંગભાઇને સારવાર માટે લાવતાં, તેઓને પુછતાં જણાવેલ કે, આજ તારીખે પીપળી મુકામે સાંજના ૫–૦૦ વાગ્યે ધારીયા વડે માર મારેલ. વધુમાં, ડોકટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, દર્દીને માથાના ડાબી બાજુએ કપાયેલ ઘા હતો જેમાંથી લોહી નીકળતું હતું. દર્દીને ડાબી આંખે પાંપણ ઉપર ચકામાનું નિશાન હતું તથા દર્દીના માથાનો એકસ–રે કરાવતાં અસ્થિભંગની ઈજા જણાઈ આવેલ અને દર્દીનો સીટી સ્કેન કરાવતાં જેમાં ડાબી બાજુએ માથામાં ફ્રન્ટોપરાઇટલ હાડકાનું ફ્રેકચર હતું. દર્દીને થયેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી અને ગંભીર પ્રકારની છે. તેઓને તા. ૨૮/૧/૧૨ ના રોજ અંદરના દર્દી તરીકે દાખલ કરેલ અને તા. ૩/૨/૧૨ ના રોજ રજા આપેલી.

વધુમાં, ડોકટરશ્રીના પુરાવા મુજબ તેજ દિવસે સાંજના ૫–૫૦ વાગે દર્દી વિષ્ણુભાઇ છગનભાઈને સારવાર માટે લાવેલ, તેઓને પુછતાં જણાવેલ કે, આજ તારીખે પીપળી મુકામે સાંજના કલાક ૫–૦૦ વાગે તેમને લોખંડની પાઇપ વડે માર મારેલો હતો. દર્દીને તપાસતાં સંપુર્ણપણે ભાનમાં હતા અને માથામાં કપાયેલ, છુંદાયેલો ઘા હતો, જેમાંથી લોહી નીકળતું હતું. દર્દીના માથાનો તથા ડાબા હાથનો તેમજ કમરનો એકસ–રે કરાવતાં અસ્થિભંગની કોઇ ઈજા જણાયેલ નહી. દર્દીને થયેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી જઇ શકે તેવી સાદા પ્રકારની હતી. દર્દીને તા. ૨૮/૧/૧૨

ના રોજ અંદરના દર્દી તરીકે દાખલ કરેલ અને તા. ૩/૨/૧૨ ના રોજ રજા આપેલ.

ત્યારબાદ તેજ દિવસે તેમની સાથે સાંજના ૫–૫૦ વાગે દર્દી નામે માણેકબેન નાઓને સારવાર માટે લાવેલ, તેઓને પુછતાં જણાવેલ કે, આજ તારીખે પીપળી મુકામે સાંજના ૫–૦૦ વાગે પાઇપ વડે માર મારેલો હતો. દર્દીને તપાસતાં ડાબા હાથના પંજા ઉપર દુખાવાનો સોજો હતો, જેનો એકસ–રે કરાવતાં પંજામાં અસ્થિભંગની ઈજા જણાયેલી. દર્દીને થયેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી ગંભીર પ્રકારની હતી. દર્દીને તા. ૨૮/૧/૧૨ ના રોજ અંદરના દર્દી તરીકે દાખલ કરેલ અને તા. ૩૧/૧/૧૨ ના રોજ હોસ્પિટલમાંથી રજા આપેલી.

**(૧૬)** બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, ડોકટર સમક્ષ ધારીયા વડે તેમજ પાઇપ વડે માર મારેલ હોવાનું જણાવેલ છે જયારે ફરિયાદમાં તેમજ જુબાનીમાં લાકડી વડે માર મારેલ હોવાનું જણાવે છે ત્યારે ખરેખર ફરિયાદી તેમજ સાહેદ છગનભાઇ અને સાહેદ વિષ્ણુભાઇને કયા હથિયાર વડે ઈજા કરવામાં આવેલ તે હકીકત શંકાસ્પદ બને છે. પરંતુ બચાવપક્ષની આ દલીલ માનવા પાત્ર નથી. કારણ કે, જયારે કોઇ વ્યકિતને ઈજા થયેલ હોય અને તાત્કાલીક સારવાર માટે લઇ જવામાં આવેલ હોય અને તે સમયે ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં લાકડીની જગ્યાએ ધારીયા વડે કે પાઇપ વડે ઈજા થયેલ હોવાની હકીકત જણાવતા હોય તેટલા માત્રથી આવો કોઇ બનાવ બનેલ જ નથી કે ફરિયાદી સાહેદોને આરોપીઓ ધ્વારા કોઇ ઈજા કરવામાં આવેલ જ નથી તેવુ માની શકાય નહી. ફરિયાદી તેમજ સાહેદોએ તેમને આરોપીઓ ધ્વારા શરીરના જે ભાગે ઈજા કરવામાં આવેલ છે તે તેમના પુરાવામાં સ્પષ્ટરીતે જણાવેલ છે અને તેને ડોકટરશ્રીના પુરાવાથી સંપુર્ણપણે સમર્થન મળે છે.

(૧૭) આ કામે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ તેમજ હથિયાર રીકવરી પંચનામાના પંચો પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી એડી.પી.પી. શ્રી ધ્વારા તેમની કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. પરંતુ તેઓ પંચનામામાં પોતાની સહી હોવાનો સ્વીકાર કરે છે. આ કામે ત.ક.અધિકારી અજીતદાન જગતદાનને આંક.૧૫૧ થી તપાસેલ છે. તેઓએ તેમની તપાસને અનુરૂપ પુરાવો આપેલો છે. ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છેકે, તેઓએ આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી તેમજ સિવિલ હોસ્પિટલમાંથી તેઓનું તાલુકા પો.સ્ટે. આશરે ૩ થી ૪ કી.મી. ના અંતરે આવેલું છે અને બનાવ બન્યાના ૧૯ કલાક પછી ફરિયાદ નોંધવામાં આવેલ તેનો સ્વીકાર કરેલ છે.

(૧૮) આમ, ફરિયાદી તેમજ ઈજાપામનાર સાહેદો કે જે બનાવના નજરે સાહેદો છે અને તેમને બનાવમાં ઈજાઓ થયેલી છે તેમનો પુરાવો નહિ માનવા માટે કોઇ કારણ નથી. અને ફરિયાદી સાહેદોના પુરાવાને ડોકટરના પુરાવાથી સંપુર્ણપણે સમર્થન મળે છે.

(૧૯) આરોપીપક્ષે એવી દલીલ કરવામાં આવેલ છે કે ફરિયાદપક્ષે માત્ર ફરિયાદી તથા તેમના પતિ અને દિકરાઓને જ સાહેદ તરીકે તપાસ્યા છે અને કોઈ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી. આ દલીલ પ્રથમ દ્રષ્ટિએ આકર્ષક જણાતી હોવા છતાં સમગ્ર પુરાવાના સંદર્ભમાં તે સ્વીકારી શકાય તેવી નથી. સર્વપ્રથમ એ નોંધનીય છે કે ફરિયાદી તેમજ તેમના પતિ અને તેમના દિકરા વિષ્ણુભાઇ ત્રણેય બનાવ સમયે સ્થળ ઉપર હાજર હતા અને તેમાં ત્રણેય સાહેદોને ઈજાઓ થયેલી છે. ઈજાગ્રસ્ત સાહેદોનો પુરાવો વિશેષ વિશ્વસનીય ગણાય છે કારણ કે ઈજાગ્રસ્ત વ્યક્તિ વાસ્તવિક ગુનેગારને છોડીને નિર્દોષ વ્યક્તિને ખોટી રીતે ફસાવશે તેવી સંભાવના અત્યંત ઓછી રહે છે.

આ બાબતે નામદાર વડી અદાલતે તેમના ચુકાદાઓમાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, ઈજાગ્રસ્ત સાહેદનો પુરાવો ખૂબ જ ઊંચી કક્ષાનો પુરાવો ગણાય છે અને કોઈ મજબૂત કારણ વિના તેને નકારવો યોગ્ય નથી. વધુમાં, માત્ર એટલા કારણે કે ફરિયાદી તથા ઈજાગ્રસ્તો પરસ્પર સગા સંબંધીઓ છે, તેમનો પુરાવો અવિશ્વસનીય બની જતો નથી. જો તેમનો પુરાવો સ્વાભાવિક, સુસંગત તથા વિશ્વાસપાત્ર હોય અને અન્ય પુરાવાથી સમર્થિત થતો હોય તો તે આધારે દોષારોપણ કરી શકાય. વધુમાં, સંબંધિત સાહેદોનો પુરાવો માત્ર સંબંધના આધારે નકારી શકાતો નથી; તેની વિશ્વસનીયતાની કસોટી તેના પુરાવાની ગુણવત્તા છે, સંખ્યાની નહીં.

(૨૦) હાલના કેસમાં ફરિયાદી, ઈજાગ્રસ્ત છગનભાઈ અને વિષ્ણુભાઈની જુબાનીઓ પરસ્પર તમામ મહત્વના મુદ્દાઓ ઉપર સુસંગત છે. આરોપી નં. ૨ નાએ સાહેદ વિષ્ણુભાઈને માથામાં લાકડી મારેલી, આરોપી નં. ૧ નાએ સાહેદ છગનભાઈને માથામાં લાકડી મારેલી તેમજ આરોપી નં. ૩ નાએ ફરિયાદીને લાકડી ડાબા હાથ ઉપર પંજાના ભાગે મારતાં તેણીને ફ્રેકચર થયેલ છે. આમ આરોપીઓએ લાકડી વડે હુમલો કર્યાની હકીકત ત્રણેય સાહેદોએ એકસરખી રીતે વર્ણવી છે અને સાહેદ સંજયકુમાર છગનભાઈ પટણીએ પણ તેમના પુરાવાને સમર્થનકારક પુરાવો આપેલો છે. આ જુબાનીઓને સારવાર આપનાર ડૉ. યોગેશકુમાર હેમરાજભાઈ દેસાઈના આંક. ૬૨ થી રજુ થયેલ તબીબી પુરાવાથી નોંધપાત્ર સમર્થન પ્રાપ્ત થાય છે. તદુપરાંત તપાસ અધિકારીના પુરાવાથી ગુનાસ્થળ પંચનામું તથા હથિયારની રિકવરીની કાર્યવાહી પણ સમર્થિત થાય છે. તેથી સમગ્ર પુરાવાની સાંકળ એકબીજાને અનુરૂપ તથા વિશ્વાસપાત્ર જણાય છે. સ્વતંત્ર સાહેદોની ગેરહાજરી અંગે પણ આરોપીપક્ષની દલીલ સ્વીકાર્ય નથી. સામાન્ય રીતે જાહેર સ્થળે બનેલા બનાવોમાં પણ લોકો પોલીસ કે કોર્ટની કાર્યવાહીમાં જોડાવા આગળ આવતા નથી;

તેથી માત્ર સ્વતંત્ર સાહેદોની ગેરહાજરીના આધારે સમગ્ર ફરિયાદપક્ષના પુરાવાને અવિશ્વસનીય ગણાવી શકાય નહીં. તેથી હાલના કેસમાં પણ સ્વતંત્ર સાહેદોની ગેરહાજરી ફરિયાદપક્ષના અન્યથા વિશ્વાસપાત્ર પુરાવાને નકારવાનું કારણ બની શકતી નથી. જ્યાં સુધી ફરિયાદમાં અને જુબાનીમાં લાકડીથી માર મારેલ હોવાની હકીકત જણાવેલ છે જયારે ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં ધારીયા તેમજ પાઇપથી ઈજા કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ બનાવ સમયે ફરિયાદી તેમજ સાહેદોને ઈજા થયેલી હતી અને બનાવ ૫–૦૦ વાગે બનેલો છે અને તાત્કાલીક ૧૦૮ બોલાવી તેઓ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે કલાક ૫–૩૦ વાગે આવેલા છે, તેઓને ઈજા થયેલ હતી ત્યાંથી લોહી પણ આવતું હતું તેવુ ડોકટરશ્રીના પુરાવા ઉપરથી જણાય આવે છે ત્યારે ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં માત્ર હથિયાર બદલાઈ જતા હોય તેટલા માત્રથી ફરિયાદી તેમજ સાહેદોને ઈજા થયેલ જ નથી કે આરોપીઓએ કોઈ માર મારેલ જ નથી તે હકીકત માની શકાય તેમ નથી. ફરિયાદ કોઈ વિશ્વકોશ (Encyclopaedia) નથી કે જેમાં બનાવની પ્રત્યેક નાની–મોટી વિગતનો સમાવેશ કરવો આવશ્યક હોય. જો ફરિયાદનો મૂળભૂત આધાર, ઘટનાક્રમ અને આરોપીની ભૂમિકા ફરિયાદ તથા કોર્ટમાં આપેલ જુબાનીમાં એકસરખી રહેતી હોય, તો નાની–મોટી ઉણપો કે સુધારાઓને કારણે સમગ્ર ફરિયાદપક્ષનો કેસ અવિશ્વસનીય બની જતો નથી. સામાન્ય અને સ્વાભાવિક પ્રકારની વિસંગતતાઓ માનવ સ્મૃતિની મર્યાદાના કારણે થતી હોય છે અને તે સમગ્ર કેસને અસર કરતી નથી. આથી આરોપીપક્ષ દ્વારા રજૂ કરાયેલ તમામ તકરારો સમગ્ર પુરાવાના પ્રકાશમાં અસંગત અને અસ્થાપિત જણાય છે તથા ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરાયેલ મૌખિક, તબીબી તથા તપાસકીય પુરાવાની વિશ્વસનીયતાને કોઈ અસર પહોંચાડતી નથી.

(૨૧) આરોપીઓ તરફેથી આંક. ૩૮ થી Probation of Offenders Act, 1958 ની કલમ–૪ હેઠળ પ્રોબેશનનો લાભ આપવા રજૂઆત કરવામાં આવેલ છે. તે સંદર્ભે નોંધવું જરૂરી છે કે, Probation of Offenders Act, 1958 ની કલમ–૪ મુજબ પ્રોબેશનનો લાભ આપવો એ આરોપીનો હક્ક નથી, પરંતુ તે અદાલતની વિવેકાધીન સત્તા (Judicial Discretion) છે. આ વિવેકાધીન સત્તાનો ઉપયોગ અદાલત દ્વારા ગુનાની પ્રકૃતિ, ગુનો આચરવાની રીત, આરોપીની ભૂમિકા, ઈજાઓનું સ્વરૂપ, ગુનાના સામાજિક પ્રભાવ તથા ન્યાયના હિતને ધ્યાનમાં રાખીને કરવો આવશ્યક બને છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **State of M.P. v. Saleem @ Chamaru & Anr., (2005) 5 SCC 554** ના નિર્ણયમાં સ્પષ્ટપણે ઠરાવ્યું છે કે પ્રોબેશન આપતી વખતે અદાલતે માત્ર આરોપીની ઉંમર અથવા પ્રથમ ગુનો હોવાનું ધ્યાનમાં લેવું પૂરતું નથી, પરંતુ ગુનાની ગંભીરતા, તેની સામાજિક અસર તથા ગુનો જે સંજોગોમાં આચરવામાં આવ્યો હોય તેનું પણ વિશેષ ધ્યાન રાખવું આવશ્યક છે. જ્યાં ગુનો ગંભીર સ્વરૂપનો હોય અથવા હિંસાત્મક હુમલો કરવામાં આવ્યો હોય ત્યાં પ્રોબેશન આપવાનું ટાળવું જોઈએ. તે જ રીતે, **Dalbir Singh v. State of Haryana, (2000) 5 SCC 82** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું છે કે સજાનો હેતુ માત્ર આરોપીના સુધારણા પૂરતો મર્યાદિત નથી, પરંતુ સમાજમાં કાયદા પ્રત્યે વિશ્વાસ જળવાઈ રહે તથા ગુનાખોરી સામે પ્રતિરોધાત્મક (Deterrent) અસર ઊભી થાય તે પણ એટલું જ મહત્વપૂર્ણ છે. તેથી ગંભીર સ્વરૂપના ગુનાઓમાં અતિશય ઉદારતા દર્શાવવી યોગ્ય નથી.

(૨૨) આરોપી પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ બચાવ તથા અપીલમાં ઉઠાવવામાં આવેલ વિવિધ મુદ્દાઓનું સમગ્ર રેકોર્ડના પ્રકાશમાં સ્વતંત્ર મૂલ્યાંકન કરતાં આ અદાલતના મત મુજબ તે બચાવ

વિશ્વસનીય, સંભવિત અથવા રેકોર્ડ પરના પુરાવા સાથે સુસંગત જણાતો નથી. પ્રથમ, આરોપી પક્ષે ફરિયાદ નોંધાવવામાં થયેલ આશરે ૧૯ કલાકના વિલંબને સમગ્ર પ્રોસિક્યુશન કેસ માટે ઘાતક ગણાવ્યો છે. પરંતુ રેકોર્ડ પરથી સ્પષ્ટ થાય છે કે બનાવમાં ફરિયાદી તથા અન્ય ઈજાગ્રસ્તોને ગંભીર ઈજાઓ થતાં તેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતા. કાયદાનો સ્વીકાર્ય સિદ્ધાંત છે કે ઈજાગ્રસ્ત વ્યક્તિ માટે પ્રથમ પ્રાથમિકતા સારવાર મેળવવાની હોય છે, ફરિયાદ નોંધાવવાની નહીં. તેથી માત્ર વિલંબના આધારે સમગ્ર પ્રોસિક્યુશન કેસને અવિશ્વસનીય ઠરાવી શકાય નહીં, ખાસ કરીને જ્યારે તે વિલંબથી આરોપીઓને કોઈ વાસ્તવિક પૂર્વગ્રહ (Prejudice) થયાનું પણ દર્શાવવામાં આવેલ નથી. વધુમાં, બચાવપક્ષે એવી દલીલ કરી છે કે ફરિયાદી પક્ષના મકાન ઉપર પણ પથ્થરમારો થયેલ હતો અને તેથી ફરિયાદી પક્ષે ખોટી ફરિયાદ નોંધાવી છે. પરંતુ માત્ર પથ્થરમારો થયાની હકીકતથી આરોપીઓ સામેના ગુનાનો ઈન્કાર થઈ જતો નથી. જો બંને પક્ષ વચ્ચે અથડામણ થઈ હોય તો પણ અદાલતનું મુખ્ય કર્તવ્ય ઉપલબ્ધ પુરાવાના આધારે આરોપીઓ દ્વારા આચરાયેલ ચોક્કસ કૃત્યનું મૂલ્યાંકન કરવાનું છે. બચાવપક્ષે એવો કોઈ વિશ્વસનીય પુરાવો રજૂ કર્યો નથી કે જેથી ફરિયાદી પક્ષે ખોટી રીતે આરોપીઓને ફસાવ્યા હોવાનું સંભવિત બને. વધુમાં, બચાવપક્ષે સ્વતંત્ર સાક્ષીઓની તપાસ કરવામાં આવી નથી તેવી દલીલ કરી છે. પરંતુ માત્ર સ્વતંત્ર સાક્ષીઓની ગેરહાજરીને કારણે ઈજાગ્રસ્ત સાક્ષીઓની જુબાનીને નકારી શકાય નહીં. ઈજાગ્રસ્ત સાક્ષી ઘટનાનો કુદરતી સાક્ષી (Natural Witness) હોય છે અને સામાન્ય રીતે તે વાસ્તવિક ગુનેગારને છોડીને નિર્દોષ વ્યક્તિને ખોટી રીતે ફસાવે તેવી શક્યતા અત્યંત ઓછી હોય છે. રેકોર્ડ પર ઉપલબ્ધ ઈજાગ્રસ્ત સાક્ષીઓની જુબાની વિશ્વસનીય, સ્વાભાવિક તથા તબીબી પુરાવાથી સમર્થિત હોવાથી માત્ર સ્વતંત્ર સાક્ષીઓની ગેરહાજરીના

આધારે તેને અવિંશ્વસનીય ઠરાવી શકાય નહી . બચાવપક્ષે મૌખિક પુરાવા અને તબીબી પુરાવા વચ્ચે વિરોધાભાસ હોવાનું દર્શાવ્યું છે. પરંતુ અદાલતના અવલોકન મુજબ તે વિરોધાભાસો કેસના મૂળ તથ્યોને અસર કરતા ભૌતિક વિરોધાભાસો નથી. માનવીય સ્મૃતિ, સમયાંતર અથવા વર્ણનની રીતને કારણે થતી સામાન્ય અસંગતતાઓને આધારે સમગ્ર પ્રોસિક્યુશન કેસને નકારી શકાય નહીં. મુખ્ય હકીકતો બાબતે ફરિયાદ, ઈજાગ્રસ્તોની જુબાની અને તબીબી પુરાવા એકબીજાને પૂરતું સમર્થન આપે છે. વધુમાં, બચાવપક્ષે હોસ્પિટલમાં ફરિયાદ નોંધાવવામાં આવી નથી અથવા હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ ફરિયાદ કેવી રીતે નોંધાવવામાં આવી તે બાબતે શંકા વ્યક્ત કરી છે. પરંતુ તપાસની પ્રક્રિયામાં રહેલી આવી બાબતોને કારણે, જ્યારે બનાવ, ઈજાઓ તથા આરોપીઓની સંડોવણી અન્ય વિશ્વસનીય પુરાવાથી સાબિત થતી હોય ત્યારે, સમગ્ર કેસને અવિશ્વસનીય ઠરાવી શકાય નહી. બચાવપક્ષે "બે સંભવિત દ્દષ્ટિકોણ" (Two Views Theory) લાગુ પડે તેવી દલીલ કરી છે. પરંતુ રેકોર્ડ પરના સમગ્ર પુરાવાના સંકલિત મૂલ્યાંકનથી પ્રોસિક્યુશન દ્વારા રજૂ કરાયેલ ઘટના વધુ સ્વાભાવિક, વિશ્વસનીય અને સંભવિત જણાય છે, જ્યારે બચાવપક્ષની રજૂઆત માત્ર અનુમાન, શંકા અને કલ્પના ઉપર આધારિત છે. ફોજદારી કાયદામાં માત્ર કલ્પિત અથવા દૂરસ્થ સંભાવનાના આધારે આરોપીને લાભ આપી શકાય નહીં. આરોપી પક્ષે પોતાનો બચાવ સંભવિત બનાવે તેવો કોઈ સ્વતંત્ર મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કર્યો નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૫ મુજબ જે હકીકતનો વિશેષ બચાવ લેવામાં આવે તે સંભવિત બનાવવાનો ભાર આરોપી ઉપર રહે છે. હાલના કેસમાં આરોપી પક્ષ તે ભાર સંતોષકારક રીતે નિભાવવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે. આથી, બચાવપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ બચાવ માત્ર પ્રોસિક્યુશન કેસ અંગે શંકા ઊભી કરવાનો પ્રયાસ છે,

પરંતુ તે કોઈ વિશ્વસનીય, સંભવિત અથવા રેકોર્ડ પરના પુરાવાથી સમર્થિત બચાવ તરીકે સ્વીકારી શકાય તેમ નથી. બીજી તરફ, પ્રોસિક્યુશન દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક, દસ્તાવેજી તથા તબીબી પુરાવા પરસ્પર સુસંગત, વિશ્વસનીય અને દોષારોપણ માટે પૂરતા જણાતા હોવાથી બચાવપક્ષનો બચાવ નામંજૂર કરવા યોગ્ય ઠરે છે.

(૨૩) હાલના કેસમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ પુરાવાઓ પરથી સ્પષ્ટ થાય છે કે આરોપીઓએ ફરિયાદી તથા ઈજાગ્રસ્તો ઉપર જીવલેણ હથિયાર વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી તથા એકબીજાના સામાન્ય ઈરાદા હેઠળ સક્રિય સહભાગી બની ગુનાને અંજામ આપ્યો હતો. બનાવ જાહેર સ્થળે બન્યો હોવાથી તે જાહેર શાંતિ તથા કાયદો–વ્યવસ્થા ઉપર પ્રતિકૂળ અસર પહોંચાડે તેવો છે. આવા સંજોગોમાં આરોપીઓને પ્રોબેશનનો લાભ આપવાથી સમાજમાં ખોટો સંદેશ જાય તથા ગંભીર ગુનાઓ પ્રત્યે નરમ વલણ અપનાવવામાં આવ્યું હોય તેવી છાપ ઊભી થાય, જે ન્યાયના હિતમાં નથી. વધુમાં, આરોપીઓ દ્વારા આચરવામાં આવેલ ગુનાની પ્રકૃતિ, ફરિયાદી તથા ઈજાગ્રસ્તોને થયેલી ઈજાઓની ગંભીરતા, હુમલાની રીત, આરોપીઓની સક્રિય ભૂમિકા તથા સમગ્ર ઘટનાક્રમને ધ્યાનમાં લેતા, વિદ્વાન ટ્રાયલ કોર્ટે પ્રોબેશનનો લાભ ન આપવાનો જે વિવેકાધીન નિર્ણય લીધો છે તે કાયદેસર, યોગ્ય તથા વાજબી જણાય છે. તે નિર્ણયમાં કોઈ ગેરકાયદેસરતા, મનસ્વીપણું અથવા ન્યાયિક વિવેકનો અયોગ્ય ઉપયોગ થયેલો જણાતો નથી. પરિણામે, આ અદાલતને તેમાં કોઈ હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા જણાતી નથી. પરિણામે, વિદ્વાન ટ્રાયલ કોર્ટે પુરાવાનું યોગ્ય મૂલ્યાંકન કરીને જે તારણો નોંધ્યા છે તેમાં આ અદાલતને કોઈ ગેરકાયદેસરતા, વિકૃતિ અથવા હસ્તક્ષેપ કરવા યોગ્ય કારણ જણાતું

ન હોય, મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

**૧.** એપેલેન્ટસ/મુળ આરોપીઓની અપીલ આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

**૨.** વિ. ટ્રાયલ કોર્ટે ક્રિમીનલ કેસ નં. ૨૪૪૦/૨૦૧૨ ના કામે તા. ૩૦/૦૬/૨૦૨૧ ના રોજ હાલના એપેલેન્ટ નં. ૧/મુળ આરોપી નં. ૧. પડીયો ઉર્ફે પ્રદીપ ડાહ્યાભાઇ રાવળ તથા આરોપી નં. ૩. હસલો ઉર્ફે હસમુખ અશોકભાઇ ડાહ્યાભાઇ નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૨) અન્વયે ઇ.પી.કોડની કલમ- ૩૨૩,૩૨૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ત્રણ વર્ષની સાદી કેદની સજા તથા રૂા. ૧૦,૦૦૦/- દંડનો હુકમ કરેલ છે તેમજ આરોપી નં. ૨. ડાહ્યાભાઇ દલછાભાઇ રાવળને ક્રિ.પ્રો.કોડની કલમ- ૨૪૮(૨) અન્વયે ઇ.પી.કોડની કલમ- ૩૨૩ ના ગુનામાં તકસીરવાન ઠરાવી છ માસની સાદી કેદની સજા તથા રૂા. ૧,૦૦૦/- નો દંડની સજાનો હુકમ કરેલ છે, તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

**૩.** આરોપીઓનું સજા વોરંટ ભરવા વિ. ટ્રાયલ કોર્ટને યાદી કરવી.

**૪.** આ હુકમની એક નકલ તથા ટ્રાયલ કોર્ટનું તમામ રેકર્ડ તાત્કાલીક વિ. ટ્રાયલ કોર્ટને મોકલી આપવું.

હુકમ આજ તા. **૪ થી** માહે **ઓગષ્ટ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી માર સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૪/૦૮/૨૦૨૬
સ્થળ : પાલનપુર

**(અમિત જે. કાનાણી)**
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા-પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

**//raval//**

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડીશનલ સેશન્સ જજ, પાલનપુર